અપીલ અરજી નં.૬૩ તા.૧૮–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૨–૪–૧૦ ની અરજીથી (૧) અયોધ્યાનગરી ડીંડોલીફાટક પાસે નવાગામ ડિંડોલી સુરત. (૨) બ્લોક નં.એ–૨૦૫ દશામા મંદિર પાછળ કરાડવારોડ ડીંડોલી સુરત. (૩) ઓમનગરની આગળનું શોપીંગ સેન્ટર ખરવાસારોડ ડીંડોલી સુરત. (૪) ઓમનગરના ગેટની બાજુમાં હાલ સ્કુલ માટે જે બીલ્ડીંગ તૈયાર થઈ રહયુ છે તે ઉપરોકત મદ્દા નં.૧.૩ પરવાનગી તથા કાયદેસરતા પરવાનગી ન આપી હોય તો જવાબદાર અધિકારીઓના નામ સાથેની માહિતી. મુદ્દા નં.૨.૪ માં હાલ બાંધકામ ચાલુ છે તો તેની પરવાનગી, કાયદેસરતા માળ, ક્ષેત્રફળ તથા પરવાનગી ન આપી હોય તો કાર્યવાહી થઈ શકે કે કેમ તથા જવાબદાર અધિકારીઓના નામ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૩/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૨–૪–૧૦ ની અરજીથી (૧) અયોધ્યાનગરી ડીંડોલીફાટક પાસે નવાગામ ડિંડોલી સુરત. (૨) બ્લોક નં.એ–૨૦૫ દશામા મંદિર પાછળ કરાડવારોડ ડીંડોલી સુરત. (૩) ઓમનગરની આગળનું શોપીંગ સેન્ટર ખરવાસારોડ ડીંડોલી સુરત. (૪) ઓમનગરના ગેટની બાજુમાં હાલ સ્કુલ માટે જે બીલ્ડીંગ તૈયાર થઈ રહયુ છે તે ઉપરોકત મદ્દા નં.૧.૩ પરવાનગી કાયદેસરતા તથા કાયદેસરતા તથા પરવાનગી ન આપી હોય તો જવાબદાર અધિકારીઓના નામ સાથેની માહિતી મુદ્દા નં.૨.૪ માં હાલ બાંધકામ ચાલુ છે તો તેની પરવાનગી, કાયદેસરતા માળ, ક્ષેત્રફળ તથા પરવાનગી ન આપી હોય તો કાર્યવાહી થઈ શકે કે કેમ તથા જવાબદાર અધિકારીઓના નામ આપવા બાબતે નિયત સમયઅવધિમા પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૩ તા.૨૯–૫–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૫૯૮ તા.૧૧–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં ઉધનાઝોન તરફથી લીંબાયતઝોનને તબદીલ થયેલ પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/ ૮૨ તા.૧૫–૪–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ અને અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૫૯૨ તા.૧–૬–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૨–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી ઉધનાઝોનમાં કરવામાં આવેલ.તેઓ તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૨ તા.૧૫–૪–૧૦ થી જાહેર માહિતી અધિકારી સા.ઈ.ઝોન લીંબાયતને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં કોઈ માહિતી કે કોઈ નિર્ણય ન મળવાથી તા.૧૮–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૫૯૨ તા.૧–૬–૧૦ ના રોજ (૧) અયોધ્યાનગરી ડીંડોલીફાટક પાસે નવાગામ ડિંડોલી સુરત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અયોધ્યાનગરી ડીંડોલી ફાટક પાસે, નવા ગામ ડીંડોલીના નવા બાંધકામના પ્લાન મંજુર થયા બાબતે ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની તપાસ કરતાં આ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૨) બ્લોક નં.એ–૨૦૫ દશામા મંદિર પાછળ કરાડવારોડ ડીંડોલી સુરત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સૂચિત ડ્રાફ્ટ ટીપી નં.૬૨ (ડીંડોલી–ભેદવાડ ભેસ્તાન) બ્લોક નં.૨૦૫ ની જગ્યાનો લેઆઉટ પ્લાન મ. નગર નિયોજક , સુરત શહેરી વિકાસ સત્તા મંડળ સુરત મારફત સુડા/વિપઅ/યુ–૪/૪૩૦૦/ અ/૭૧૭, તા.૧૨–૧૧–૦૧ થી મંજુર થયેલ છે. તેવું જણાવેલ છે. (૩) ઓમનગરની આગળનું શોપીંગ સેન્ટર ખરવાસારોડ ડીંડોલી સુરત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રાફ્ટ ટીપી નં.૬૨ (ગોડાદરા–ડીંડોલી) બ્લોક નં.૧૩૬ ,૧૩૭,૧૪૭,૧૪૮,૧૪૯,૩૮૭,૫૦૨ પૈકી ઓમનગર નામે ઓળખાતી સોસા.ના સુડા/વિપસ/યુ–૪/૬૧૮૦ અ/૩૩૦૯,તા.૯–૬–૦૫ થી બાંધકામના પ્લાન મંજુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૪) ઓમનગરના ગેટની બાજુમાં હાલ સ્કુલ માટે જે બીલ્ડીંગ તૈયાર થઈ રહયુ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રત્યુત્તર નં.૩ મુજબ જ. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી અપીલ તબકકે અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ તે પૈકી પરવાનગી ન આપી હોય તો કાર્યવાહી બાબતની તથા જવાબદાર અધિકારીઓની માહિતી અપાયાનું જણાતું નથી. જવાબદારી અધિકારીઓની માહિતી આરટીઆઈ એકટની કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ આવે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૧૨–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે  નહીં પૂરી પાડેલ મુદ્દાની માહિતી આરટીઆઈ એકટની કલમ૭(૬) હેઠળ  વિના મૂલ્યે  અત્રેની જાણ હેઠળ  અરજદારને દિન–૭ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે. તે પૈકીની માહિતી  વેબ સાઈટ  પર પ્રસિધ્ધ  કરેલ હોય તે  અંગે તેમ જણાવવા જાહેર માહિતી અધિકારી સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :        –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,